## <u>મે. એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, અમદાવાદ(સીટી).</u>

<u>ક્રિમી.કેસ નં.૧૬૧૦૯/૨૦૨૩</u>

### <u>આંક–૧ લગત હુકમ:–</u>

––––––––––––––––––––––––––––––––––––––––––––––––

**૧)** આ કામે આજરોજ સ્પેશીયલ સીટીંગમાં ફરીયાદીની પુરસીસ વંચાણે લીધી. જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ વધુ પુરાવા આપવા માંગતા નથી અને સદર કેસ આગળ ચલાવવા માંગતા નથી તેમજ કેસ માંડવાળ કરવા માંગે છે.

**૨)** આમ, સદર કામે ફરીયાદીની પુરસીસ વંચાણે લીધી. કેસના રેકર્ડનો અભ્યાસ કર્યો. સદર કામના આરોપી/ આરોપીઓ વિરૂધ્ધ **ધી ઈ.પી.કો.કલમ ૩૭૯, ૧૧૪** મુજબના ગુનાનુ ચાર્જશીટ થયેલ છે. આરોપી/ આરોપીઓ હાજર નથી પરંતુ ફરીયાદી હાજર છે અને તેઓ કેસ માંડવાળ કરવા માં ગે છે અને કેસ આગળ ચલાવવા માંગતા નથી. આથી ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૦/ધી બી.એન.એસ.એસ.ની કલમ ૩૫૯ ની જોગવાઈઓ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના તા.૦૫/૦૭/૨૦૧૬ ના સરકયુલર નં.સી.૨૬૧૯/૧૬ ને ધ્યાનમાં લેતા તેમજ ૨૦૦૮ ક્રિ.લો.જ. પેજ નં.૯૨૮ વાય.પી. બેજુ વિ. સ્ટેટ ઓફ કેરાલાનો ચુકાદો માનસહ ધ્યાને લેતા આ કામના આરોપી/આરોપીઓની ગેરહાજરીમાં પણ ફરીયાદી ગુનાની માંડવાળ કરી શકે છે. જેથી ફરીયાદીની માંડવાળ કરવાની પુરસીસ ગ્રાહય રાખીને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>**::: હુ ક મ :::**</u>

(૧) આરોપી/આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૦(૧)(૮)/ધી બી.એન.એસ.એસ. ની કલમ ૩૫૯(૧)(૮) અન્વયે **ધી ઈ.પી.કો.કલમ ૩૭૯, ૧૧૪** મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) **પોલીસ કબજે કરેલ મુદ્દામાલ પાવતીમાં દર્શાવ્યા મુજબનો મુદ્દામાલ બુલેટના સ્પેરપાર્ટસ તથા વ્હીલ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.**

હુકમ આજ રોજ લો.અ./ સ્પેશીયલ સીટીંગમાં જાહેર કરવામાં આવેલ છે.

તા.૧૪/૦૩/૨૦૨૬<br>
અમદાવાદ(સીટી).<br>
(સ્પે.સીટીંગ–લોકઅદાલત)

(ડી.એચ.ખંભાતી)<br>
એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,<br>
અમદાવાદ(સીટી).(જી.જે.૦૦૮૬૬)